# પાકિસ્તાનને ભારતની કડક ચેતવણી

**ત્રાસવાદી ગતિવિધિ જારી રહેશે તો બીજા વિકલ્પો પણ ખુલ્લા છે : આર્મી ચીફ બિપિન રાવતે પાકિસ્તાનને સ્પષ્ટ ચેતવણી આપી : પથ્થરબાજોના હુમલામાં સેનાના એક જવાનનું મોત થયું છે છતાં પણ કેટલાક લોકો પથ્થરબાજોને આતંકવાદીઓના સાથી તરીકે ગણતા નથી : આર્મી ચીફ**




નવી દિલ્હી,તા. ૨૭

આર્મી ચીફ બિપીન રાવતે આતંકવાદને લઈને પાકિસ્તાનને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે. આજે બિપીન રાવતે કહ્યું હતું કે જો પાકિસ્તાન સરહદ પારથી આતંકવાદને સમર્થન આપવાનું જારી રાખે છે તો ભારતીય સેના બીજા એકશન પણ લઈ શકે છે. ઈન્ફેન્ટ્રી ડેના પ્રસંગે કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા આર્મી ચીફે પત્રકારો સાથે વાતચીત કરતા આ મુજબની વાત કરી હતી. જોકે તેઓએ આ સંદર્ભમાં વધુ વાત કરી ન હતી કે તેઓ કયા પ્રકારના સંભવિત એકશનની વાત કરી રહ્યા છે. સપ્ટેમ્બર ૨૦૧૬માં પાકિસ્તાની ત્રાસવાદીઓ દ્વારા જમ્મુ-કાશ્મીરના ઉરીમાં આર્મી કેમ્પ ઉપર કાયરતાપૂર્વકના હુમલા બાદ ભારતે અંકુશરેખા પાર કરીને સર્જિકલ સ્ટ્રાઈકર કરીને ખળભળાટ મચાવી દીધો હતો. ભારતીય સેનાએ ૨૮મી સપ્ટેમ્બર ૨૦૧૬ના દિવસે એલઓસી પાર કરીને અનેક આતંકવાદી કેમ્પોને ફૂંકી માર્યા ગયા. જેમાં અકનો ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. આર્મી ચીફે પાકિસ્તાનને જમ્મુ અને કાશ્મીરમાં ત્રાસવાદને પ્રોત્સાહન આપવા અને ઉશ્કેરવાથી દુર રહેવા સૂચન કર્યું હતું. તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે ભારત પોતાના ભૂ ભાગની સુરક્ષા કરવા માટે સંપૂર્ણપણે સક્ષમ છે. તેમણે કહ્યું હતું કે કોઈપણ તાકતથી અથવા તો અન્ય તરીકાથી ભારતના કોઈ હિસ્સાને આંચકી શકે તેવી સ્થિતિમાં નથી. જમ્મુ અને કાશ્મીરમાં સરહદ પારથી આતંકવાદને પાકિસ્તાનનું સમર્થન હોવાની વાત કરતા જનરલ રાવતે ઈશારો કર્યો હતો કે ૧૯૭૧ની કારમી હારનો બદલો લેવા માટે પડોશી દેશ દ્વારા ધીમી ગતિએ ત્રાસવાદીઓને ટેકો આપવામાં આવી રહ્યો છે. ૧૯૭૧ના જંગમાં પાકિસ્તાનની કારમી હાર થઈ હતી. ૯૦ હજારથી વધારે સૈનિકોએ ભારતીય સેનાની સામે આત્મસમર્પણ કરી દીધું હતું. એજ જંગ બાદ પૂર્વીય પાકિસ્તાન સ્વતંત્ર થયું હતું અને બાંગ્લાદેશની રચના થઈ હતી. પાકિસ્તાનનો ઈરાદો ભારતીય સેનાને વ્યસ્ત રાખવાનો રહેલો છે. રાવતે કહ્યું હતું કે કાશ્મીર ખીણમાં પથ્થરબાજીના પરિણામ સ્વરૂપે જવાન શહીદ થયા બાદ પણ કોઈ લોકો એમ કહી રહ્યા છે કે પથ્થરબાજોને ત્રાસવાદી તરીકે ગણી શકાય નહીં. પથ્થરબાજોને ત્રાસવાદીઓનો ટેકો મળી રહ્યો છે પરંતુ ઘણા લોકો હજુ પણ કહી રહ્યા છે કે પથ્થરબાજોને ત્રાસાદીઓના સમર્થક તરીકે ગણવા જોઈએ નહીં. આર્મી ચીફે કહ્યું હતું કે શહીદ થયેલા જવાન માર્ગ ઉપર બની રહેલા બોર્ડર રોડ ટીમની સુરક્ષામાં ફરજ બજાવી રહ્યા હતા. ભારતીય ટીમ પાસે બીજા વિકલ્પો પણ પાકિસ્તાન સામે હાથ ધરવાના રહેલા છે. બીઆરઓના કાફલા ઉપર હુમલો કરવામાં આવ્યા બાદ જવાન રાજેન્દ્રસિંહ ઘાયલ થયા હતા. કાફલા પર હુમલો અનંતનાગ બાયપાસ નજીક થયો હતો. કેટલાક યુવાનોએ પથ્થરમારો કર્યો હતો. ઘાયલ થયેલા જવાન રાજેન્દ્રસિંહને તરત હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં તેમનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું.

## સુપ્રિમના આદેશના નામે ભગવાન અયપ્પાના ભક્તોને કચડવાનું બંધ કરો : અમિત શાહ

**અયપ્પાના શ્રદ્ધાળુઓના દેખાવને શાહનો ટેકો : ડાબેરી સરકાર દ્વારા વ્યાપક અત્યાચાર કરવામાં આવી રહ્યા છે : ભાજપના સેંકડો કાર્યકરોની હત્યા થઈ : શાહ**

થિરૂવનંતપૂરમ,તા. ૨૭

કેરળના કન્નુરમાં ભાજપ પ્રમુખ અમિત શાહ પાર્ટી ઓફિસનું ઉદ્‌ઘાટન કરવા માટે આજે પહોંચ્યા હતા. આ પ્રસંગે અમિત શાહે માત્ર રાજ્યની ડાબેરી સરકાર ઉપર જ પ્રહાર કર્યા ન હતા બલ્કે સબરીમાલા મંદિરમાં મહિલાઓના પ્રવેશ સાથે જોડાયેલા સુપ્રિમ કોર્ટના ચુકાદાને લઈને પણ પ્રશ્નો ઉઠાવ્યા હતા. અમિત શાહે કહ્યું હતું કે સરકાર અને કોર્ટને એવા કોઈ નિર્ણય લેવા જોઈએ નહીં જેનું પાલન થઈ શકે નહીં. જે મુદ્દા આસ્થા સાથે જોડાયેલા છે તે મુદ્દા ઉપર કોઈ નિર્ણય લેવા જોઈએ નહીં. શાહે કહ્યું હતું કે કન્નુરમાં ભાજપના ૧૨૦ કાર્યકરો માર્યા ગયા છે. જે વિચારધારા માટે આ ભાજપ કાર્યકરોએ બલિદાન આપ્યું છે. તેઓ તેમના પરિવારને ખાતરી આપવા માગં છે કે અમને તેમને ક્યારેય પણ પરાજિત થવા દઈશું નહીં. ભાજપ કચેરીનું ઉદ્‌ઘાટન કર્યા બાદ અમિત શાહે કહ્યું હતું કે કન્નુર અમારા માટે તીર્થસ્થળ સમાન છે. કેરળ સરકાર દમન શાસન ચલાવી રહી છે. ૨૬મી ઓકટોબરથી લઈને હજુ સુધી ૨૦૦૦થી વધુ ભાજપ અને સંઘના કાર્યકરોને જેલભેગા કરવામાં આવ્યા છે. તેઓ ખાતરી આપવા માંગે છે કે ડેમેજ કંટ્રોલ હેઠળ જેમને જેલમાં નાખી દેવાયા છે તેમને તેમની સંપત્તિને નુકસાન કર્યું છે. રાજ્ય સરકારને ભીંસમાં લેતા અમિત શાહે કહ્યું હતું



## કાસકરને ખાસ સારવાર બદલ પાંચ પોલીસ કર્મચારી સસ્પેન્ડ

**જોઈન્ટ પોલીસ કમિશનર દ્વારા પાંચ કોન્સ્ટેબલોને સસ્પેન્ડ કરાયા : કાસકર બિરીયાની ખાતો, સિગારેટ ફૂંકતો દેખાયો : દાઉદના ભાઈ કાસકરના મામલે પોલીસ કર્મી ફસાયા**

થાણે,તા. ૨૭

અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહીમના ભાઈ ઈકબાલ કાસકરને સિવિલ હોસ્પિટલમાં વિશેષ સારવાર આપવા બદલ પાંચ પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. ખંડણીના કેસમાં ધરપકડ કરવામાં આવેલા ઈકબાલ કાસકરને હાલમાં સારવાર અર્થે લાવવામાં આવ્યો હતો. એક ખાનગી ન્યૂઝ ચેનલ દ્વારા કરવામાં આવેલા સ્ટીંગ ઓપરેશનમાં કાસકર કેમેરામાં કેદ થઈ ગયો હતો. ત્યારબાદ પાંચ કોન્સ્ટેબલોને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા. જોઈન્ટ પોલીસ કમિશનર મધુકર પાંડે દ્વારા તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. કાસકર કુખ્યાત અપરાધીઓ પૈકીના એક તરીકે રહ્યો છે. સૂત્રોના કહેવા મુજબ કાસકરને ગુરૂવારના દિવસે ૧૯ કલાક સુધી સરકારી હોસ્પિટલમાં રાખવામાં આવ્યો હતો. બ્લેડસુગર લેવલ અને દાંતની સારવારને લઈને કોર્ટે આદેશ આપ્યા બાદ તેને ૧૦ કલાક સુધી હોસ્પિટલમાં રાખવામાં આવ્યો હતો પરંતુ તે સરકારી હોસ્પિટલમાં ફરતો નજરે પડ્યો હતો. સાથે સાથે સગા સંબંધીઓને પણ મળતો નજરે પડ્યો હતો. તે બિરીયાનીની મજા માણી રહ્યો હતો. સાથે સાથે પોલીસની સામે જ સિગારેટ પણ ફૂંકી રહ્યો હતો. ત્યારબાદ આ શખ્સે સ્પેશિયલ સારવારમાં સામેલ રહેલા લોકોને નાણા પણ આપ્યા હતા. ત્યારબાદ તેને જેલમાં લઈ જવાયો હતો. આ બનાવની ગંભીર નોંધ લઈને વરિષ્ઠ પોલીસ અધિકારીઓએ પાંચ જવાનોને સસ્પેન્ડ કરી દીધા છે.

## અંબાણી માટે ૩૦ હજાર કરોડ અને પૂર્વ સૈનિકો માટે ૧૯ હજાર કરોડ પણ નહી : રાહુલ ગાંધી

**રાહુલ ગાંધીએ પાર્ટી મુખ્યાલયમા રિટાયર્ડ આર્મી જવાનોની મુલાકાત લીધી**

ન્યુ દિલ્હી,તા.૨૭

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી શનિવારે પાર્ટી મુખ્યાલયમા રિટાયર્ડ આર્મી જવાનોને મળ્યા. આ મુલાકાતમાં રાફેલ સોદાથી લઈને વન રેક્ર વન પેંશન (ઓઆરઓપી) સહિત કેટલાક મુદ્દાઓ પર ચર્ચા થઈ.

સૈન્યકર્મચારીઓ સાથે મુલાકાતમાં રાફેલ સોદામાં ગડબડી અને ઓઆરઓપીમાં સેનિકો સાતે વિશ્વાસઘાતની વાત ઉઠાવી. રાહુલ ગાંધીએ કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાફેલ માટે પ્રક્રિયા બદલી લીધી છે. સાથે જ સૈનિકો માટે વન રેક્ર વન પેંશન લાગૂ કર્યું નહી.

કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું કે, રાફેલના એક ફાઈટલ જેટ માટે ૧૬૦૦ કરોડ રૂપિયા આપવામા આવ્યા, જે ભષ્ટ્રાચારનું સૌથી મોટું ઉદાહરણ છે. તેમને કહ્યું કે, સરકારે સૈનિકો માટે ઓઆરઓપીનું વચન તો આપ્યું પરંતુ તે પૂરો કરી શકી નહી.



અમારી સરકાર આવશે, તો સૈનિકો માટે પેંશન સ્કીમ લાગૂ કરશે. કોંગ્રેસ અધ્યક્ષે ઓઆરઓપીની તુલના રાફેલ સોદા સાથે કરતાં કહ્યું કે, સરકાર અંબાણીને ૩૦ હજાર કરોડ રૂપિયા આપી શકે છે પરંતુ પૂર્વ સૈન્યકર્મચારીઓ માટે ૧૯ હજાર કરોડ રૂપિયા આપી રહી નથી. મુલાકાત વિશે રાહુલ ગાંધીએ પત્રકારોને કહ્યું, ખુબ જ સકારાત્મક બેઠક રહી. ઘણી વાતો પર ગંભીરતાથી ચર્ચા થઈ. ઓઆરઓપીનો મુદ્દો મુખ્ય રહ્યો જેમાં સૈનિકોનું કહેવું છે કે, સરકાર વન રેક્ર વન પેંશન સ્કીમ અત્યાર સુધી શરૂ કરી નથી.

## વિરાટ કોહલીએ કેરિયરની ૩૮મી વન ડે સદી ફટકારી

પુણે,તા. ૨૭

ભારતના સ્ટાર ખેલાડી વિરાટ કોહલીએ પોતાની યશકલગીમાં આજે વધુ એક મોરપીચ્છું ઉમેર્યું હતું. વિરાટ કોહલીએ આજે સતત ત્રીજી મેચમાં સદી ફટકારી હતી. આ સિદ્ધિ મેળવનાર પણ તે પ્રથમ ખેલાડી બની ગયો હતો. કોહલીએ વન ડે ક્રિકેટ કેરિયરની ૩૮મી સદી ફટકારી હતી. સચિન તેંડુલકરના સૌથી વધુ સદી ફટકારવના રેકોર્ડ તરફ તે આગળ વધી રહ્યો છે. ભારત તરફથી રોહિત શર્માએ અણનમ ૧૫૨ રન ફટકાર્યા હતા. અત્રે ઉલ્લેખનિય છે કે વિશાખાપટ્ટન ખાતે રમાયેલી બીજી વન ડે મેચમાં પણ વિરાટ કોહલીએ વિરાટ બેટીંગ કરી હતી.કેપ્ટન વિરાટ કોહલીએ પણ ૧૪૦ રન ફટકાર્યા હતા. કોહલીએ ૧૦૭ બોલમાં ૨૧ ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી આ રન બનાવ્યા હતા. વિખાશાપટ્ટનમાં કોહલીએ વનડે ઈન્ટરનેશનલ મેચોમાં સૌથી ઓછી ઈનિંગ્સમાં ૧૦૦૦૦ રન પુરા કરી લીધા હતા. સચિન તેંડુલકરના ૧૭ વર્ષ જુના રેકોર્ડને તોડી પાડવામાં વિરાટ કોહલીએ સફળતા મેળવી હતી.




અમદાવાદ ખાતે જીએમડીસી ગ્રાઉન્ડમાં અશ્વ સ્પર્ધા ચાલી રહી છે. દેશભરમાંથી લાવવામાં આવેલા જાતવાન અશ્વ સૌનું ધ્યાન ખેંચી રહ્યા છે. આ પૈકી રાજસ્થાનમાંથી લાવવામાં આવેલા દેવ નામના અશ્વએ શનિવારે તમામનું ધ્યાન ખેચ્યું હતું.

## ગુજરાતમાં ૨૦૧૫-૧૮ વચ્ચે ૨૫૩ સિંહનાં મોત નીપજ્યાં

અમદાવાદ,તા. ૨૭

ગુજરાતમાં હાલમાં જ ગીર અને આસપાસના વિસ્તારોમાં જુદા જુદા કારણોસર ટપોટપ ૨૩ સિંહના મોત બાદ આંતરરાષ્ટ્રીય સ્તર પર ગુજરાતની ચર્ચા જોવા મળી રહી હતી. ખતરનાક વાયરસ અને અન્ય ઈન્ફેકશનના કારણે આ સિંહના મોત થયા હતા. હવે સિંહોના મોતના આંકડામાં અભ્યાસ કરવામાં આવ્યા બાદ જાણવા મળ્યું છે કે વર્ષ ૨૦૧૫થી લઈને ૨૦૧૮ વચ્ચેના ગાળામાં ૨૫૩ સિંહના મોત થઈ ચુક્યા છે જે પૈકી ૨૦ટકા સિંહના મોત આકસ્મિક અથવા તો એક્સિડેન્ટલ થયા છે. આ પ્રકારના મોતને ટાળી શકાયા હોત. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે. ૫૦ સિંહના મોત માર્ગો ઉપર વાહનોની અડફેટે આવવાથી થયા છે. આ ઉપરાંત ટ્રેન અથવા તો ખુલ્લા કુવામાં પડવાથી આ સિંહના મોત થયા છે. ગુજરાત સરકાર દ્વારા પણ કબુલાત કરાઈ છે કે ૨૦૧૬-૧૭ના ગાળામાં શિકારનો પણ એક બનાવ બન્યો હતો. હાલમાં જ ઉઠાવવામાં આવેલા એક પ્રશ્નના જવાબમાં રાજ્ય સરકારે ગૃહને માહિતી આપી હતી કે મહત્તમ સંખ્યામાં સિંહના મોત ૨૦૧૬-૧૭ના ગાળામાં થયા હતા. આ ગાળામાં ૯૯ સિંહના મોત થયા હતા. ઈલેકટ્રીક વાડના કારણે પણ ઘણા સિંહના મોત થયા છે. ૨૦૦૮માં આ પ્રદેશમાં રહેલા તમામ ખુલ્લા કુવાઓને લઈને પણ કેટલીક યોજના તૈયાર કરાઈ હતી અને આકસ્મિક કુવામાં પડી જવાના બનાવોને રોકવા માટે ખુલ્લા કુવાને ઢાંકી દેવાયા હતા.

## રિસાઈકલીંગના ૩,૫૦૦થી વધુ એકમને તાળા વાગી જશે

અમદાવાદ,તા. ૨૭

દેશમાં એલ્યુમિનિયમ સ્ક્રેપની આયાત પરની કસ્ટમ ડયુટી ૨.૫ટકાથી વધારી ૭.૫ટકા કરવાની કેન્દ્ર સરકારની હિલચાલને પગલે દેશભરમાં એલ્યુમિનિયમ ભંગારને રિસાઈકલ કરીને એલ્યુમિનિયમ એલોયઝ ઈન્ગોટ્‌સ અને અન્ય વસ્તુઓ બનાવતાં ૩૫૦૦થી વધુ નાના એકમોના અસ્તિત્વ સામે ગંભીર ખતરો તોળાઈ રહ્યો છે. જો એલ્યુમિનિયમ સ્ક્રેપની આયાત પરની કસ્ટમ ડયુટી આટલી બધી ઝીંકવામાં આવશે તો, અમદાવાદ, ગુજરાત સહિત દેશભરના એલ્યુમિનિય રિસાઈકલીંગના ૩૫૦૦થી વધુ નાના એકમોને તાળા મારવાનો વારો આવશે અને ત્રણથી ચાર લાખ કામદારો બેરોજગાર બને તેવી ગંભીર પરિસ્થિતિનું નિર્માણ થાય તેમ છે ત્યારે કેન્દ્ર સરકાર એલ્યુમિનિયમ સ્ક્રેપની આયાત પરની કસ્ટમ ડયુટી ઝીરો ટકા નહી કરે તો, નાછૂટકે એલ્યુમિનિયમ ભંગ રિસાઈકલ કરનારા એકમોના સંચાલકોને આંદોલન અને કાનૂની લડત આપવા મજબૂર બનવું પડશે એમ ઓલ ઈન્ડિયા નોન ફેરસ મેટલ એસોસીએશન(એનમા)ના પ્રમુખ મહેન્દ્રભાઈ શાહ અને સેક્રેટરી જયંત જૈને જણાવ્યું હતું. એલ્યુમિનિયમ સ્ક્રેપ પરની આયાત ડયુટી જો કેન્દ્ર સરકાર વધારશે તો, આ ઉદ્યોગ પડી ભાંગશે એવી દહેશત વ્યકત કરતાં તેમણે વધુમાં જણાવ્યું કે, અગાઉ ૨૦૧૩માં એલ્યુમિનિયમ સ્ક્રેપ પર ઝીરો ટકા ડયુટી હતી પરંતુ ત્યારબાદ તે ૨.૫ ટકા લાગુ કરાઈ અને હવે તે ૭.૫ ટકા થવા જઈ રહી છે ત્યારે એલ્યુમિનિયમ રિસાઈકલીંગના નાના એકમો ખતમ થઈ જશે. જો કસ્ટમ ડયુટી ૭.૫ ટકા સુધી વધશે તો, ભારત સરકારે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ હેઠળ આવરી લીધેલા સીંગાપોર, મલેશિયા, ઈન્ડોનેશિયા, થાઈલેન્ડ જેવા દેશોમાંથી ફિનિશ્ડ ગુડ્‌ઝની આયાતમાં વધારો થશે અને તેને પગલે સ્થાનિક સ્તરના નાના ઉત્પાદકોના એકમોને તાળા વાગી જશે. કેન્દ્ર સરકાર દ્વારા આવો વિવાદીત નિર્ણય દેશના બે-ત્રણ મોટા ઔદ્યોગિક ગૃહો હિન્દાલ્કો, નાલ્કો અને વેદાન્તાને બચાવવા અને છાવરવાના ભાગરૂપે લેવાઈ રહ્યો હોવાનો ગંભીર આક્ષેપ કરતાં ઓલ ઈન્ડિયા નોન ફેરસ મેટલ એસોસીએશનના પ્રમુખ મહેન્દ્રભાઈ શાહ અને સેક્રેટરી જયંત જૈને જણાવ્યું હતું કે, ગુજરાતમાં એલ્યુમિુનિયમ ભંગાર રિસાઈકલ કરનારા અંદાજે ૩૫૦થી વધુ એકમો છે અને ભારતમાં આશરે ૩૫૦૦થી વધુ એકમો આવેલા છે.

### મોરપીંછના રંગ ● ચોથા પાનાનું ચાલું

૧૯) વર્ષ – ૨૦૧૯ અને ૨૦૨૪ની ચૂંટણીઓ બાદ નરેન્દ્ર મોદી જ વડાપ્રધાન રહેશે. એમને હરાવવા માટે દુનિયાભરની તાકાત કામે લાગશે. અનેક આક્ષેપો થશે. આતંકી હૂમલાઓ થશે. પણ શ્રી નરેન્દ્ર મોદી વૈશ્વિક કક્ષાએ છવાયેલા રહેશે. નોબેલ પારિતોષિક માટે એમની વિચારણા થશે અને મળશે.

૨૦) કેન્સર પર કાબુ મેળવી લેવાશે. પરંતુ વિશ્વમાં નવી માયોપિયા બિમારી ( દૃષ્ટિ જતી રહેવી) ખુબ ફેલાશે.

૨૧) બજારમાં અવનવા ગેઝેટ મળશે. થ્રી.ડી. ટેકનોલોજીનો ખુબ વિકાસ થશે. જેનાથી આખું બ્રહ્માંડ આપણે જોઈ શકીશું. કાર ડ્રાઈવિંગ રૉબોર્ટ કરશે અથવા સેલ્ફ ડ્રાઈવિંગ કાર મળશે. રોડ પણ કોમ્પ્યુટરરાઈડ્‌ઝ બનશે જેથી સેલ્ફ ડ્રાઈવિંગ કારના અકસ્માતો નહીં થાય.

- 9426060601.india@gmail.com

## દેશમાં ૧૯૯ ધારાસભ્યો અને ૭ જેટલા સાંસદોએ પાન કાર્ડની વિગતો છુપાવી

**૫૪૨ સાંસદો અને ૪,૦૮૬ ધારાસભ્યોના પાન કાર્ડની વિગતોના અભ્યાસ બાદ આ હકીકત ઉજાગર થઈ**

ન્યુ દિલ્હી,તા.૨૭

સામાન્ય વ્યક્તિ જો ઈક્રમટેક્ષની વિગતો આપવામાં થાપ ખાઈ જાય તો તેનું જીવવું હરામ થઈ જાય પણ જો એ વ્યક્તિ ચુંટાયેલો હોય તો સ્થિતિ બદલાઈ જાય છે.

સાત સાંસદો અને ૧૯૯ ધારાસભ્યોએ તેમના પાન કાર્ડની વિગતો જાહેર કરી નથી. ચૂંટણી લડવા માટે આ વિગતો આપવી જરૂરી હોય છે.

એસોશિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (એડીઆર)અને નેશનલ ઈલેક્શન વોચ નામની સંસ્થાઓ દ્વારા સાંસદો અને ધારાસભ્યોનાં પાન કાર્ડની વિગતોનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. આ અહેવાલ મુજબ, ૫૪૨ સાંસદો અને ૪,૦૮૬ ધારાસભ્યોના પાન કાર્ડની વિગતોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો.

નિયમ એવો છે કે, કોઈ પણ વ્યકિત ચૂંટણી લડવા માટે ઉમેદવારી પત્ર ભરે ત્યારે તે વ્યકતએ તેની પાન કાર્ડની વિગતો એફિડેવિટની સાથે આપવાની હોય છે.

આ અહેવાલમાં જે વિગતો આવી છે જાણવા જેવી છે. કોંગ્રેસનાં ૫૧ ધારાસભ્યો અને ભાજપનામ ૪૨ ધારાસભ્યોએ તેમની એફિડેવિટમાં પાન કાર્ડની વિગતો જાહેર કરી નથી. કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માર્કિસ્ટ)નાં ૨૫ ધારાસભ્યોએ પણ આ વિગતો જાહેર કરી નથી. જો રાજ્ય પ્રમાણે આ વિગતો જોઈએ તો, પાનકાર્ડની વિગતો નહીં જાહેર કરનારા ધારાસભ્યો કેરળમાંથી આવે છે.

કેરળનાં ૩૩ ધારાસભ્યોએ પાન કાર્ડની વિગતો જાહેર કરી નથી. આ પછી મિઝોરમનાં ૨૮ ધારાસભ્યોએ તેમના પાનકાર્ડની વિગતો આપી નથી અને મધ્યપ્રદેશનાં ૧૯ ધારાસભ્યોએ પણ પાનકાર્ડની વિગતો આપી નથી.

રસપ્રદ વાત એ છે કે, મિઝોરમ વિધાનસભામાં માત્રપ ૪૦ ધારાસભ્યો જ છે. તેમાંથી ૨૮ ધારાસભ્યોએ પાનકાર્ડની વિગતો જાહેર કરી નથી.

## દિવાળીમાં રેલવે ૩૨૧ સ્પેશિયલ ટ્રેન દોડાવશે

ન્યુ દિલ્હી,તા.૨૭

દિવાળીના તહેવારોમાં પરિવહનના તમામ મધ્યમો ઉપર મુસફરોનો ભારે ધસારો રહેશે. સસ્તી મુસાફરીમાં ટ્રન મારફતે થતી હોય છે અને તહેવારો દરમિયાન ટ્રેનમાં કન્ફર્મ ટિકિટ મળવી મુશ્કેલ બની જાય છે. ત્યારે ભારતીય રેલવે દ્વારા દિવાળીના તહેવારોમાં સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય કર્યો છે. દિવાળીથી લઈને છઠના પ્રસંદ સુધી રેલવેએ ટ્રેન અંગે ખાસ પ્લાનિંગ કર્યું છે. આ પ્રસંગે ભારતીય રેલવે ૩૨૧ ખાસ ટ્રેન ચલાવશે. જો હજુ પણ આપની ટિકિટ બુક ન થઈ હોય તો કન્ફર્મ ટિકિટ મળી શકે છે.

૦૪૦૪૩/૦૪૦૪૪ ગયા-આનંદ વિહાર-ગયા સ્પેશિયલ

આ ટ્રેન ૪ નવેમ્બરથી ૧૮ નવેમ્બર સુધી ચાલશે. જે ૦૪૪૪૩ ગયાથી દરેક રવિવાર રાતે ૧૧:૨૦ કલાકે રવાના થઈ બીજાના દિવસે સાંજે ૫:૪૫ કલાકે આનંદ વિહાર પહોંચશે. તેમજ ૦૪૯૪૪ દરેક રવિવારે ૦૦:૧૦ કલાકે આનંદ વિહારથી રવાના થઈ રાતે ૮:૨૦ કલાકે ગયા પહોંચાડશે.

૦૪૪૨૧/૦૪૪૨૨ પટના-આનંદ વિહાર-પટના સ્પેશિયલ

આ ટ્રેન ૨૦ ઑક્ટોબરથી ચાલી રહી છે, જે ૧૭ નવેમ્બર સુધી ચાલશે. ૦૪૪૨૧ દર શનિવારે સાંજે ૭:૩૫ કલાકે ચાલશે અને બીજા દિવસે ૨:૧૦ કલાકે આનંદ વિહાર પહોંચશે અને આનંદવિહારથી દરરોજ શનિવારે ૦૦:૧૦ કલાકે ચાલશે અને બીજા દિવસે બપોરે ૪:૨૦ કલાકે પટના પહોંચશે.

૦૪૪૦૧/૦૪૪૦૨ આનંદ વિહાર-કટરા-આનંદ વિહાર સ્પેશિયલ

આ ટ્રેન ૧૫ ઑક્ટોબરથી શરૂ થઈ ૧૬ નવેમ્બર સુધી ચાલશે. ૦૪૪૦૧ આનંદ વિહારથી દરેક મંગળવાર અને ગુરૂવારે રાતે ૧૧:૦૦ કલાકે રવાના થઈ આગળના દિવસે બપોરે ૨:૩૦ કલાકે કટરા પહોંચશે તેમજ ૦૪૪૦૨ દરેક બુધવારે અને શુક્રવારે કટરાથી રાતે ૧૧:૩૦ કલાકે રવાના થઈ આગળના દિવસે ૧૪:૨૦ કલાકે આનંદ વિહાર પહોંચાડશે.

૦૪૦૨૩/૦૪૦૨૪ દરભંગા-દિલ્હી-દરભંગા એ.સી. સ્પેશિયલ

આ ટ્રેન ૫ નવેમ્બરથી ૧૬ નવેમ્બર સુધી ચાલશે. ૦૪૦૨૩ દરેક મંગળવાર અને શુક્રવારે દરભંગાથી ૧૨:૦૦ વાગ્યે રવાના થશે અને બીજા દિવસે ૧૨:૪૦ વાગ્યે દિલ્હી પહોંચશે અને ૦૪૦૨૪ દરેક સોમવાર તથા ગુરૂવારે સવારે ૧૧:૧૫ કલાકે રવાના થઈ બીજા દિવસે ૦૯:૩૦ કલાકે દિલ્હી પહોંચશે.

૦૪૪૦૩/૦૪૪૦૪ બરૌની-નવી દિલ્હી-બરૌની સ્પેશિયલ

આ ટ્રેન ૧૭ ઑક્ટોબરથી ચાલી રહી છે જે ૧૭ મી નવેમ્બર સુધી ચાલશે. ૦૪૪૦૩ બરૌનીથી દર બુધવાર અને શનિવારે રાતે ૯:૩૫ કલાકે રવાના થઈ બીજા દિવસે ૧૦:૧૦ કલાકે નવી દિલ્હી પહોંચશે તેમજ ૦૪૪૦૪ દરેક મંગળવાર અને ગુરૂવારે નવી દિલ્હીથી સાંજે ૭:૨૫ કલાકે રવાના થઈ સાંજે ૭:૪૫ કલાકે બરૌની પહોંચશે.